## ૨. કલમઃ–૪(૧)(બી)(૨)ઃ સુરત મહાનગર પાલિકા શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો સંચાલિત જુદા જુદા કુટુંબ કલ્યાણ કેંદ્રો / હેલ્થ પોષ્ટ પર ફરજ બજાવતાં કર્મચારીઓની કામગિરીઃ–

### ❖ લેડી મેડીકલ ઓફિસર :–

**લેડી મેડીકલ ઓફીસરે લાગત હેલ્થ પોષ્ટ / કુટુંબ કલ્યાણ કેંદ્ર ના ઈન્ચાર્જ / સુપરવાઈઝર તરીકે કામ કરવું તથા તેઓ ટેકનીકલી તથા વહીવટી રીતે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીશ્રી / તબીબી અધિકારીશ્રી ( વર્ગ–૧) શ્રીની સલાહ/સૂચના તથા માર્ગદર્શન મુજબ કામ કરશે.**

**(A) Promotive and Preventive :-**

- સર્વેલન્સ
- વાઓનું વિતરણ
- જુદી જુદી ટેસ્ટ બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ, બી.પી. વિગેરે...
- શિક્ષણ :–– વિસ્તારમાં ગૃપ મીટીંગ ધ્વારા જન જાગૃતિ અભિયાન /પોસ્ટર્સ ધ્વારા.
  – માતૃબાળ, કુટુંબ નિયોજન, વ્યકિતગત અને વાતાવરણીય સ્વચ્છતા, અંગે શિક્ષણ.
- ફેમીલી પ્લાનીંગ સર્વીસીસ તથા સરકારશ્રી ધ્વારા મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓ તથા પ્રોગ્રામોનું અસરકારક અમલીકરણ

**( B ) Curative :-** તબીબી તપાસ, સારવાર, રીફર

**સ્ત્રી / પુરુષ** ઓપરેશન માટે પેશન્ટની તબીબી તપાસ કરવી, જરુરી ટ્રીટમેન્ટ આપવી. જરુર જણાય તો તે કેસો રીફર કરવાં . જરુરી સલાહ–સૂચનો આપવાં.

**(C) Administrative :-**

- કર્મચારીઓ પાસે નિયમિત ગુણવતાસભર કામગીરી, સ્પષ્ટ સુચનો સલાહ અનુસાર કરાવવી.
- કર્મચારીઓને નિયમિતતા, ગણવેશ, સમયબધ્ધ કામગીરી માટે પ્રોત્સાહિત કરવા.
- રોજની કામગીરીનો વિગતવાર રીપોર્ટ ઉચ્ચ અધિકારીઓને સાદર કરવો.
- રજીસ્ટરોની જાળવણી પર પુરતુ ધ્યાન આપવું.
- દવાઓનો હિસાબ વ્યવસ્થિત રાખી સમયસર રીપોર્ટ કરવો.
- સમયાંતરે કર્મચારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરતા રહી ત્રુટીઓ દુર કરવી.
- કામગિરીનું મંથલી રીપોર્ટીંગ.

### ❖આરોગ્ય કાર્યકર :– એલ.એચ.વી., એ.એન.એમ.,એફ.એસ.એસ.એફ એચ.ડબલ્યુ, મેઈલ ફીલ્ડ વર્કર.

✶ ફાળવેલ વિસ્તારમાં સર્વે કરી (કુટુંબ રજીસ્ટર) લાયક દંપતી બાળકોનું માહિતી રજીસ્ટર બનાવી નીચે જણાવ્યા મુજબની આરોગ્ય વિષયક સેવાઓ આપવાની રહેશે.

**• માતૃસેવા :– (માતૃબાળ કલ્યાણ સેવા)**

– વિસ્તારમાં આવેલ તમામ સગર્ભા માતાની તપાસ.

– વહેલામાં વહેલી ( પ્રથમ ૩ માસમાં ) નોંધણી.
– ઓછામાં ઓછી ત્રણ એન્ટીનેટલ ચેક–અપ વિઝીટ.
– સગર્ભાની કુટુંબ કલ્યાણ કેંદ્ર / હેલ્થ પોષ્ટ ખાતે નોંધણી.
– શકિતની ગોળી દિવસમાં ૧ એમ ૧૦૦ દિવસ માટે ગોળી આપવી.
– આહાર અને પોષણ અંગે સમજણ.
– ધનુરની રસીનાં બે ડોઝ.
– જનની સુરક્ષા, ચિરંજીવી યોજના, બાળસખા યોજના તેમ જ કસ્તુરબા પોષણ સહાય યોજનાનો ગરીબી રેખા હેઠળના લાભાર્થીને તથા અનુ.જાતિ, જનજાતિનો લાભ અપાવવો.
– જોખમી અવસ્થાવાળા કેસોનું નિદાન અને નજીકનાં પ્રસુતિગૃહમાં રેફરલ.
– સ્વચ્છ અને સલામતી પ્રસુતિ તાલીમ પામેલ ધ્વારા સેવાઓ પુરી પાડવી.
– સ્તનપાન વિશે સમજણ છ મહિના બાદ ધાવણ સાથે ઉપરનાં ખોરાક વિશે(વિનીંગ વિશે) સમજણ.
– પ્રસુતિ બાદ કુટુંબ નિયોજન અંગે સલાહ, માર્ગદર્શન અને સેવા.
– જરૂરતમંદને ઈમજન્સી સારવાર પ્રસુતિ વિષયક ઈમરજન્સીનું વહેલુ અને ઝડપી નિદાન

**– ૧૫ થી ૪૫ વર્ષની મહિલાઓ માટે.**

– બે બાળકો વચ્ચે ચોકકસ ઓછામાં ઓછો ત્રણ વર્ષ સમયગાળો રાખવા સમજણ આપવી.
– ઓરલપીલ્સ, નિરોધ, કોપસ્ટી, ગર્ભનિરોધક સાધનો અંગે સમજણ આપી પસંદગી કરવા જણાવવું.
– નાનુ કુટુંબ માટે સલાહ ઓપરેશનને લાયક દંપતિને સમજાવવી પરમેનન્ટ મેથર્ડ હેઠળ આવરી લેવા.
– કાયદેસર ગર્ભપાતની જરૂરીયાતવાળા કેસો શોધી ગર્ભપાત માટે નજીકની હોસ્પીટલમાં રીફર કરવા.
– જાતિય રોગથી પીડાતી મહિલાઓને નજીકનાં પ્રસુતિગૃહમાં રીફર કરી સારવાર અપાવવી.
– વિસ્તારમાં આવેલ આંગણવાડીમાં નિયમિત એન્ટીનેટલ ચેક–અપ સેશન ગોઠવવા.

**• બાળ આરોગ્ય સેવા :–**

– નવજાત શિશુની કાળજી–ઓછામાં ઓછા વજનવાળા શિશુની ખાસ સંભાળ.
– બિમાર નવજાત શિશુને તાત્કાલિક સંદર્ભ સેવા.
– રસીકરણ " ફીકસડ ડે " રસીકરણ સેશનમાં નિયમિત રસીકરણ વિટામીન એ સોલ્યુશન મીઝલ્સ વેકશીન સાથે.
– ઝાડા– ઉલ્ટીની સારવાર માતાને સમજણ અને ઓ.આર.એસ. પેકેટ વિના મૂલ્યે વિતરણ.
– શ્વસનતંત્રના રોગો માટે સારવાર માતાને સમજણ.
– એનીમીયા પ્રોફીઈલેક્ષીસન્નાની આર્યન ફોલીક ગોળી વિતરણ.
– કરમીયા રોગોની સારવાર.

**• આરોગ્ય શિક્ષણ :–**

– વિસ્તારમાં ગૃપ મીટીંગ ધ્વારા જન જાગૃતિ અભિયાન પોસ્ટર્સ ધ્વારા.
– માતૃબાળ, કુટુંબ નિયોજન, વ્યકિતગત અને વાતાવરણીય સ્વચ્છતા, અંગે શિક્ષણ.

**• અન્ય સેવા :–**

– લેડી મેડીકલ ઓફીસરની સલાહ–સૂચના તથા માર્ગદર્શન હેઠળ સરકારશ્રી ધ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ યોજનાઓ તથા પ્રોગ્રામોની ગાઈડલાઈન મુજબ આરોગ્યને લગતી વિવિધ કામગિરી કરી રીપોર્ટીંગ કરવું.
– સેવા વિસ્તારમાં થતી તમામ કામગીરી માટેના નિર્ધારીત રજીસ્ટર બનાવવા.
– શિબિરો અને ઝુબેશમાં, ગૃહ મુલાકાતો લઈ જરૂરી આરોગ્ય શિક્ષણ.

– પ્રાઈવેટ હોસ્પીટલમાંથી માતૃબાળ અને કુટુંબ નિયોજન કામગીરીની માહિતી લાવવી.

❖ સ્ટોરકીપર–કમ–કલાર્ક / કોમ્પ્યુટર કમ કલાર્ક :–

- કર્મચારીઓ તરફથી મૂકવામાં આવતી જુદા–જુદા પ્રકારની રજાઓ અંગેની સર્વિસ બુકમાં એન્ટ્રી કરી રજાઓ પાસ કરી એકા/ઓડીટ ખાતામાં ઓડીટ કરાવવું તથા દરેક કર્મચારીઓના નિયમ મુજબ ઈજાફાઓ છોડાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવી તથા તેની નોંધ મહેકમ વિભાગને કરાવવી અને ઉચ્ચતર પગાર ધોરણની કર્મચારીઓની જરૂરી કાર્યવાહી કરવી.
- હાજરી પત્રક તથા C.L.કાર્ડ મેઈન્ટેઈન કરવા.
- એસ્ટાબ્બીશમેટ રજીસ્ટરમાં હાજરી પુરી જરૂરી રજાઓની ખતવણી કરી ખાતામાં તેની દર માસે નોંધ કરાવવી.
- કર્મચારીઓના દર માસના જરૂરી ડેટા તૈયારી કરી ખાતામાં ચકાસણી કરાવી એકાઉન્ટ ખાતામાં રજુ કરવા.
- પર્સનલ એડવાન્સની રકમમાંથી જરૂરી ખરીદી કરવી અને તેના બીલો બનાવવા તથા રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.
- જરુરી દવાઓ / ઈન્સ્ટ્રુમેન્ટની જાળવણી કરવી તથા તેની સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરવી.
- એક્ષપાયરી ડેટવાળી દવાઓનો નિકાલ કરી સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરવી.
- જુના ફર્નીચર / કંડમ ફર્નીચરનો નિકાલ કરી તેની સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરવી.
- નિવૃત થતા કર્મચારીઓની જરૂરી પ્રમાણપત્રો મંગાવી પેન્સન/ગેજયુટીને લગતી તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરવી.
- પરિપત્રો/નોંધ કે ટપાલને ઈનવર્ડ કરી તેમાના લાગતા જરૂરી મુદ્દાઓની માહિતી આપવી તથા આઉટવર્ડ રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.
- ખાતાને લગતા જરૂરી બીલ જેવા કે ગેસબીલ, લાઈટબીલ, ધોબીબીલ, ટેલીફોનબીલ વગેરે બનાવવા તથા તેની જરૂરી નોંધ રાખવી.
- ખાતાને લગતી લાઈટ, પાણી–ડ્રેનેજ વિગેરેની સમસ્યાઓની નિકાલ માટે જે તે ખાતાને રીપોર્ટ કરવા.
- ડેટ સ્ટોક રજીસ્ટર, સ્ટોક રજીસ્ટર વિગેરે રજીસ્ટર મેઈન્ટેઈન કરવા.
- સેન્ટ્રલ સ્ટોર્સમાંથી કર્મચારીઓના યુનિફોર્મ/બુટ ચંપલ વિગેરે લાવવા તથા ખાતાને જરૂરી ફર્નિચર મેળવવા અંગેની કામગીરી કરવી.
- કર્મચારીઓ તરફથી પાસપોર્ટ મેળવવા કે તેમની ખાતામાં આવતી અરજીઓ અંગેની જરૂરી કાર્યવાહી કરવી.
- કોન્ટ્રાકટના કર્મચારીઓની હાજરી તથા બીલ બનાવવુ.
- ખાતાની ઉપયોગની કોઈ પણ વસ્તુ બગડે તેને રીપેર કરાવી મેઈન્ટેઈન કરવી.
- ઉપરી અધિકારી તરફથી મળતા સુચનો પરિપત્રો મુજબની કામગીરી તથા માહિતી તૈયાર કરવી.
- કલેરીકલને લગતી તમામ કામગીરી કરવી.
- પર્સનલ એડવાન્સની રકમમાંથી જરૂરી ખરીદી કરવી અને તેના બીલો બનાવી બીલ રીકુપ કરવા તથા રજીસ્ટર મેઈન્ટેઈન કરવુ.
- દવાના બીલ બનાવી પેમેન્ટની કાર્યવાહી કરવી.

- સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પ્રોત્સાહનનાં નાણાંની ચૂકવણી કરી બીલ બનાવવાં તથા રીકુપ કરવાં.
- કોમ્પ્યુટર પર એન્ટ્રી કરી જુદા જુદા પત્રકો તૈયાર કરવા.
- કોમ્પ્યુટર પર ખાતાને લગતી તમામ કામગીરી/રેકર્ડસ તૈયાર કરવા.
- ઉપરી અધિકારી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.
- ખાતામાં આવેલ અરજીઓનો નિકાલ કરવો.
- વહીવટી કામગીરી જેવીકે ઈનવર્ડ, આઉટ વર્ડ, સર્વીસબુક મેઈન્ટેઈન, બીલ અંગેની કામગીરી, જનરલ એડવાન્સ રીકુપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ તથા કર્મચારીઓની માહિતી મોકલવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના મુજબની કામગીરી.

❖ **જમાદાર :–**

- ઓફીસ સાફ કરવી.
- ચા–નાસ્તાની વ્યવસ્થા કરવી.
- ઓફીસના મુલાકાતીઓની નોંધ કરવી.
- આયા / પટાવાળાઓને ગાઈડ કરવા.
- ટપાલ વહેંચણી કરવી.
- ઓફીસના ટેલીફોન કોલ રીસીવ કરવા તથા જે તે સ્ટાફના કર્મચારીને જાણ કરવી.
- જુદા જુદા રેકોર્ડને વ્યવસ્થિત જગ્યાએ મૂકવાં.
- જરુરી દસ્તાવેજોનું ફાઈલીંગ કરવું.
- એ.સી., લાઈટસ બંધ કરવી, પંખા ચાલુ / બંધ કરવાં તથા ખાતાની ઓફીસનાં બારી બારણાં બંધ કરવાં .
- જરુરી દસ્તાવેજો / રીપોર્ટસ ઉપરી અધિકારીનાં ટેબલ પર મૂકવાં.
- ઉપરી અધિકારી ધ્વારા સાઈન થયેલ દસ્તાવેજો / પેપર્સ લાગત કર્મચારી/ અધિકારીને પહોંચતા કરવાં.
- ઈન્ટરવ્યુ / મીટીંગના સમયે જરુરી વ્યવસ્થા કરવી.

❖ **આયાની ફરજો ::–**

- કુટુંબ કલ્યાણ કેંદ્ર / હેલ્થ પોષ્ટ ખાતે ડસ્ટીંગ કરવુ.
- કુટુંબ કલ્યાણ કેંદ્ર / હેલ્થ પોષ્ટ ખાતે કચરા–પોતા કરવાં.
- કુટુંબ કલ્યાણ કેંદ્ર / હેલ્થ પોષ્ટ ખાતે પ્રસુતિ માટે દાખલ દર્દીની પ્રાથમિક તબકકાની તમામ પ્રકારની તૈયારીઓ કરવી, સીઝર /ટી.એલ. ઓપરેશન કરતા પહેલા દર્દીની શારિરિક સાફ સફાઈ ની કામગીરી કરવી.
- TL ઓપરેશન કેમ્પ માટે/ડ્રેસીંગ માટે ડ્રેસીંગ ગોઝ બનાવવા અને ઓટોકલેવ કરવુ.
- પેશન્ટને નંબર પ્રમાણે મેડીકલ ઓફિસર પાસે મોકલવવા.
- TL કેમ્પ માટે વોર્ડ તૈયાર કરવો.
- ઓપરેશન કેમ્પ માટે તૈયારી કરવી ઈન્સ્ટુમેન્ટ અને લીનનના ડ્રમ ઓટોકલેવ કરવા.
- OT ફીમીકેશન કરવું.
- કુટુંબ કલ્યાણ કેંદ્ર / હેલ્થ પોષ્ટ ખાતે ફર્નીચર, મેડીકલ સાધન સામગ્રીની સાફ સફાઈની કામગીરી કરવી.
- પેશન્ટ ઓપરેશન માટે પ્રિપેર કરવા

- મેડીકલ ઓફિસર/ એલ.એચ.વી./ એફ.એચ.એસ/ ઉપરી  અધિકારીની સુચના મુજબ કામગીરી કરવી.

ઓફીસ સમયસર ખોલવી તથા સમયસર બંધ કરવી.